10

22

(96)


# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

"જલસેવા ભવન" એરફોર્સ સ્ટેશન સામે, સે.૧૦-એ ગાંધીનગર

☎: ૦૭૯-૨૩૨૫૧૦૪૮ Fax: ૦૭૯-૨૩૨૨૫૯૫૯

બી.કે.શીંગાલા

સભ્ય સચિવ


નં. મુ.ઇ.(યાં)/૨૦૦૭/હે.પં./એમ-૩/ ૯૩૪૨ તા. ૩/૧૦/૦૭

વિષય :- હેન્ડપંપોના મરામત અને નિભાવણી માટેનો વહીવટ ગ્રામ પંચાયત/ પાણી સમિતિને સોંપવા બાબત- માર્ગદર્શક સુચનાઓ

સંદર્ભ :- ૧. ન.જ.સ.પા.પુ. અને ક.વિભાગનાં ઠરાવ નં.વીડબલ્યુએસ/૧૦૯૮/૧૩૨૧/ખ.૪ તા. ૨૫.૧૧.૨૦૦૬ અને બોર્ડ મુ.ઇ.(યાં) નાં પત્ર નં. મુ.ઇ.(યાં)/૨૦૦૬/ હેન્ડપંપ/એમ-૩/૧૬૪૪/૨૦૦૬ તા. ૫.૧૨.૨૦૦૬

૨. બોર્ડ કચેરીના પત્ર નં. મુ.ઇ.(યાં)/૨૦૦૭/મીટીંગ/૭-૫/એમ-૩/૬૬૫ તા. ૧૦.૫.૦૭

પરિપત્ર :-

રાજય સરકાર તરફથી ઉપરોક્ત સંદર્ભિત વંચાણે લીધેલ તા. ૨૫.૧૧.૦૬ના ઠરાવથી બોર્ડ તરફથી ગ્રામીણ કક્ષાએ પુરા પાડવામાં આવેલ હેન્ડપંપોનાં મરામત અને નિભાવણી અંગેનો વહીવટ ગામની પાણી સમિતિ/ ગ્રામ પંચાયત દ્વારા કરવા નિર્ણય લેવામાં આવેલ છે. ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૨૩૮ (૨) થી રાજય સરકારને મળેલ સત્તાની રૂએ અધિનિયમની કલમ ૯૯ હેઠળ અનુસુચિ-૧ ની બાબત -૧ માં દર્શાવેલ ગ્રામપંચાયતોને બજાવવાની ફરજો અન્વયે આ કામગીરી ગ્રામપંચાયતોને સોંપવાનો નિતિવિષયક નિર્ણય લેવામાં આવેલ છે.

રાજય સરકારના ઉપરોક્ત નિતિવિષયક નિર્ણયનાં અમલીકરણ માટે તા. ૭.૫.૦૭ ના રોજ બોર્ડ કક્ષાએ ઉચ્ચ અધિકારીશ્રીઓની મળેલ બેઠકમાં પંચાયતોને પુરા પાડવામાં આવેલા હેન્ડપંપની મરામત અને નિભાવણી માટે ટુલકીટ સ્ટાન્ડર્ડ અને સ્પે. ટુલકીટ આપવા માટે નિર્ણય કરવામાં આવેલ છે. જેની કાર્યવાહી નોંધ ઉપરોક્ત વંચાણે લીધેલ સંદર્ભ-૨ થી મુખ્ય ઇજનેરશ્રી (યાં) નાં શેરા તા. ૧૦.૫.૦૭ થી તમામ મુખ્ય ઇજનેરશ્રીઓને મોકલવામાં આવેલ છે. જે અન્વયે ગ્રામપંચાયતોને પુરા પાડવામાં આવેલ હેન્ડપંપના મરામત અને નિભાવણી માટે નીચે પ્રમાણે માર્ગદર્શક સુચનાઓ આપવામાં આવે છે.

(૧) બોર્ડ તરફથી પુરા પાડવાના થતાં સ્પે.ટુલકીટ અને સ્ટાન્ડર્ડ ટુલકીટ દરેક ગ્રામપંચાયત/ પાણી સમિતિદીઠ એક આપવાનો થાય છે.

(૨) સ્પે.ટુલકીટ અને સ્ટાન્ડર્ડ ટુલકીટની માંગણી દરેક પંચાયત/ પાણી સમિતિ દીઠ એક ટુલકીટની જરૂરીયાત આધારીત કરવાની રહેશે.

(૩) આવા ટુલ કીટની જરુરીયાતની વિગતો તૈયાર કરતી વખતે અગાઉ આ પ્રકારના ટુલકીટ આપવામાં આવેલ નથી તે બાબતની ચકાસણી કરી લેવાની રહેશે.

(૧૦)

૨૪૩૫૪૭૦.

(૪) સ્પે.ટુલ કીટ અને સ્ટાન્ડર્ડ ટુલ કીટ અંગેનો ખર્ચ હેન્ડપંપના મરામત અને નિભાવણી ખાતે ઉધારવાનો રહેશે.

(૫) ટુલકીટની સોંપણી ગ્રામપંચાયત/ પાણી સમિતિના હોદ્દેદારોને કરવાની રહેશે અને સદર ટુલકીટ સબંધિત પંચાયત/ પાણી સમિતિનાં રેકર્ડનાં ડેડસ્ટોક રજીસ્ટરે ચઢાવવાનું રહેશે તેમજ બોર્ડ તરફથી આપવામાં આવતાં ટુલકીટ માટે સબંધિત નાયબ કાર્યપાલક ઈજનેર તરફથી એક રજીસ્ટર નિભાવી તેમાં કયા ગામ/ પાણી સમિતિને ટુલકીટ આપ્યા તેનું રજીસ્ટર નિભાવવાનું રહેશે તેમજ આ અંગેની જરૂરી પહોંચ પણ મેળવી રેકર્ડ ઉપર રાખવાની રહેશે અને બોર્ડ તરફથી/ અન્ય બોર્ડ અધિકૃત વ્યકિત તરફથી તેઓનું ઈન્સ્પેકશન કરવામાં આવે ત્યારે સદર રેકર્ડ રજુ કરવાનું રહેશે.

(૬) હેન્ડપંપ રીપેરીંગની તાલીમ પંચાયત/ પાણી સમિતિના સભ્યશ્રીઓને અપાય તેમ ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, સે.૧૫ ગાંધીનગર અને વાસ્મોના સહયોગમાં વ્યવસ્થા ગોઠવવી તથા તે બાબતે સક્ષમ કક્ષાએ ફોલોઅપ કરવું.

(૭) તાલીમ દરમ્યાન રીપેરીંગ, સ્વચ્છતા તથા તેને સંલગ્ન બાબતોનું સાહિત્ય જે તે પંચાયત તથા પાણી સમિતિને આપવું.

(૮) હેન્ડપંપ રીપેરીંગ માટેની હેન્ડપંપ મીકેનીકોની તાલીમ વખતે એક હેન્ડપંપ જાતે મીકેનીક દ્વારા રીપેર કરી નિર્દશન બતાવવું. જેથી તેઓને ખરેખર પ્રેકટીકલ સમજ પડે.

(૯) સોંપણી કર્યા બાદ સમયાંતરે ફીડબેક ના.કા.ઇ.(યાં) મેળવશે તથા તેની અસરકારતા તથા મુશ્કેલીઓ અંગે અભ્યાસ કરી તેનો અહેવાલ અ.ઇ.(યાં) મારફતે બોર્ડને એક માસમાં મોકલી આપશે.

(૧૦) ગામલોકોની અસમર્થતા માલુમ પડે તો તે માટે જરૂરી માર્ગદર્શન તેઓને આપતા રહેવું. મરામતના વાંકે હેન્ડપંપો નિષ્ફળ ન થાય તે માટે અસરકારક પગલાં ગ્રામિણ કક્ષાએ લેવા તથા બોર્ડ કક્ષાએ મુખ્ય ઇજનેર (યાં) ને ફીડબેક મોકલી આપવાં. જેથી કરીને વ્યુહાત્મક અભિગમમાં પરિવર્તન લાવીને પણ ગ્રામિણ કક્ષાએ હેન્ડપંપ મરામત અને નિભાવણીની પ્રણાલી કારગત નિવડી શકે.

(બી.કે.શીંગાલા)
સભ્ય સચિવ

પ્રતિ,

- મુખ્ય ઇજનેરશ્રી
  ઝોન-૧,૨,૩,૪,/વડોદરા/અમદાવાદ/રાજકોટ/કચ્છ- ભુજ
- અધિક્ષક ઇજનેરશ્રી જા.આ.યાં.વર્તુળ, અમદાવાદ/વડોદરા/રાજકોટ/ગાંધીનગર
- કાર્યપાલક ઇજનેરશ્રી જા.આ.યાં.વિભાગ..........................

<u>નકલ રવાના</u>

- માન. અધ્યક્ષશ્રીના કાર્યકારી સચિવશ્રી, ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડ, ગાંધીનગર.
- મુખ્ય ઇજનેરશ્રી (યાં) બોર્ડ કચેરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, જલસેવા તાલીમ સંસ્થા, સે.૧૫, ગાંધીનગર.
- મુખ્ય ઇજનેરશ્રી, વાસ્મો, જલસેવા ભવન, સે.૧૦-એ ગાંધીનગર.